Ahmedabad - E-Paper | Sandesh
sandesh.com/epaper/sub?name=Ahmedabad&path=epaper/2023/03/17/c-773641678996916.jpeg&date=2023-03-17
+ ZOOM

### ગઢડા પંથક અને વલસાડના ધરાસણામાં કરા સાથે વરસાદ

# રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં માવઠું : કરા સાથે વરસાદ વરસ્યો

## ઉચ્છલના કરોડ ગામે બે ઝાડ પર વીજળી પડતાં ભડભડ સળગી ઊઠ્યા, આંકલાવમાં એક પશુનું મોત

| અમદાવાદ |

રાજ્યના મોટાભાગના વિસ્તારમાં હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ કમોસમી વરસાદ વરસ્યો હતો. જેમાં ગઢડા શહેર ઉપરાંત સમગ્ર પંથકમાં ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ગાજવીજ અને પવન સાથે બરફના કરા સાથે વરસાદ વરસ્યો હતો. જ્યારે અમરેલી જિલ્લામાં ધારીના ગોવિંદપુર ગામે ભરઉનાળે નદીમાં પૂર આવ્યું હતું.ધારી ગીરના સરસીયા, સુખપુર, કાંગસા, ગોવિંદપૂર, દલખાણીયા, મીઠાપુરમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. જ્યારે રાજકોટના જસદણના વિંછીયામાં ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું. વલસાડ જિલ્લામાં પણ વહેલી સવારે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જ્યારે ભરૂચ જિલ્લામાં કુલ ૪ મીમી વરસાદ વરસ્યો હતો. જેમાં હાંસોટ તાલુકામાં ૩ અને જંબુસર તાલુકામાં ૧ મીમી વરસાદનો સમાવેશ થાય છે. વીજળી ત્રાટકતા નેત્રંગ તાલુકામાં એક પશુનુ મોત નીપજયુ હતુ. વાઘોડિયા નગરમાં ગાજવીજ સાથે અડધો કલાક સુધી વરસાદ વરસ્યો હતો.

વલસાડમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. વલસાડ, ધરમપુર, કપરાડા, પારડી, વાપી અને ઉમરગામ વિસ્તારમાં વરસાદ નોંધાયો હતો. જ્યારે ધરાસણામાં કરા પણ પડ્યા હતા. વલસાડ, નવસારી વિસ્તારમાં પણ વરસાદ નોંધાયો હતો. તાપી જિલ્લામાં બુધવારે રાત્રે વાજવીજ અને સુસવાટા સાથે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન ઉચ્છલના કરોડ ગામે બે ઝાડ પર વીજળી પડતાં ભડભડ સળગી ઊઠ્યા હતા. જ્યારે ભાવનગરમા ગુરૂવારે સતત બીજા દિવસે ઝરમર છાંટા પડ્યા હતા. જ્યારે બોટાદ શહેરમાં સાંજના સમયે વીજળીના કડાકા ભડાકા અને પવનના સુસવાટા સાથે કમોસમી વરસાદ પડતા શહેરના રાજમાર્ગો પર પાણી ફરી વળ્યા હતા.લીંબડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ તેમજ કરા સાથે ભારે પવન સાથે વરસાદ વરસ્યો. જ્યારે ચુડા તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. અરવલ્લીના મોડાસા સહિત આસપાસના વિસ્તારો તેમજ સાબરકાંઠા જિલ્લામાં પણ અનેક જગ્યાએ રાત્રે સામાન્ય છાંટા પડ્યા હતા. જ્યારે ચરોતરમાં ગુરૂવારે આંશિક વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બુધવારે રાત્રે વરસાદી વાતાવરણ વચ્ચે આંકલાવમાં આકાશી વીજળી પડવાથી એક ભેંસનું મોત નિપજયું હતું. બુધવારે સાંજે ૬ થી ૮ દરમિયાન આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં સૌથી વધુ ૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત આણંદ, ખંભાત અને બોરસદ પંથકમાં મળી કુલ ૧૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. આણંદ-ખેડા જિલ્લામાં બુધવારે દિવસભર વાદળોની ઘેરાબંધી રહ્યા બાદ અમુક સ્થળોએ આંશિક ગાજવીજ સાથે ઝાપટા પડ્યાં હતા.

GU Gujarati (India) Correction Gujarati Indic Input 3 Settings
28°C Mostly cloudy
Search
11:23 AM 8/14/2023